॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર — જાગૃત ઉજાગર — સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● ચૈત્ર વદ - ૭ ● તા. ૩-૫-૨૦૨૧ ● સોમવાર SDP NO : 377 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

દક્ષિણ ગુજરાત ઝોન સમાજ દ્વારા પૂર્ણ સ્વરૂપે O2 Covid Isolation Center, સમાજવાડી બની માનવતા કાજે હોસ્પિટલ.

ઉમા O2 કોવિડ કેર આઈસોલેસન સેન્ટર

શ્રી દક્ષિણ ગુજરાત કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ઝોન

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સુરત

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ - દક્ષિણ ગુજરાત રીજીયન (શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવક મંડળ સુરત)

SUV ઈન્ટરનેશનલ સ્કુલ - વલથાણ , સુરત

ઉમા કોવિડ આઈસોલેશન સેન્ટર

સ્થળ : શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સુરત

સતરાવાળા સમાજ વાડી સ્વામીનારાયણ મંદીરની બાજુમાં , ઉધના મેઈન રોડ , સુરત

હેલ્પલાઈન નંબર - ૭૮૭ ૪૪૪ ૨૩૧૧

શ્રી દક્ષિણ ગુજરાત ઝોન સમાજ આદરણીય હોદેદારશ્રી ઓની સંયુક્ત ઓન લાઈન zoom વેબીનાર મીટીંગ કોરોના મહામારી ને લઈ ને લેવામાં આવેલા અને મીટીંગ માં નક્કી થયા મુજબ અત્યારે કોરોના સંક્રમણ ની વિપદા ની મહામારીમાં આપણી સમગ્ર સમાજ જ્ઞાતિજનો ઝઝુમી રહ્યા છે અને ઘેર ઘેર ખાટલા ની પરીસ્થીતી નું નિર્માણ થયું છે અને વળી જાનહાનિ પણ થઈ રહી છે ..

જ્ઞાતિજનો ની સુવિધા માટે એક ૦૨, કોવિડ સેન્ટર વીથ ઓક્સીજન વહેલી તકે ચાલું કરવું અને તેમાં પહેલી પ્રાયોરીટી આપણી સમાજ જ્ઞાતિ બંધુને આપવી બાકી માનવ સેવા કાજે પણ ઉપયોગમાં આવે એમ આગળ વધવું.

આ સેન્ટર ઉધના સમાજવાડી માં વહેલી તકે ચાલું કરવું તેવું નક્કી કરવા માં આવેલ. સમય વર્તે સાવધાની અને સૌના સાથ સહકાર થી ઝોન સમાજ / સુરત સમાજ / દ.ગુ.યુવાસંઘ રીજીયન / સુરત યુવા મંડળ ના સંકલન અને સહયોગથી તા. ૦૧/૦૫/૨૦૨૧ શનિવાર થી આરંભા થઈ ગયો છે જેમા ...

કુલ ૨૫ બેડ સાથે કોવિડ કેર સેન્ટર

O2 કોવિડ માં સુવિધા ઓક્સીજન સાથે બેડ ૧૦ આઈસોલેશન બેડ ૧૫ દવાઓ ફ્રી, રોજ સવારે નાસ્તો , ચા કોફી , ઉકાળો , લીંબુ શરબત , ફ્રુટ જ્યુસ , રાતે હલદરવાળુ દુધ ફ્રી બે ટાઈમ ભોજન ફ્રી .

રોજ દર્દી ની ખુશી અને પોઝિટવ વાતાવરણ માટે જરૂરી તજજ્ઞ નું મોટીવેશન ગરબા, એરોબિક્સ ઉપરોક્ત બધીજ સુવિધા ફ્રી માં આપવામાં આવશે .

નોંધ : મોંઘા ઈંજેકશન , બહારથી લાવવી પડતી દવા , તેમજ એક્સ રે , સોનોગ્રાફી અને સીટી સ્કેન જેવા ખર્ચાઓ દર્દીએ પોતાને આપવાના રહેશે . DGS covID CARE સેન્ટર માનવસેવા લાભાર્થે આરંભ કરી રહ્યા છીયે . - આપણી સમાજ માટે અલાયદી વ્યવસ્થાની પણ જોગવાઈ કરવા માં આવેલ છે . તો સર્વે જ્ઞાતિજનો ને આગ્રહ ભરી વિનંતી છે કે આ મુશ્કેલ સમય મા કોરોના સંક્રમણ ની તકલીફ વાળા આપણા આપ્તજન માટે વધુ આ સેન્ટર નો લાભ લઈ આ સંક્રમણ ની સાંકળ તોડવા માનવસેવા ના કાર્યો માં સાથે જોડાઈ જઈએ તેવી ઝોન સમાજ વતી થી નમ્ર વિનંતી.

લી, શ્રી દક્ષિણ ગુજરાત કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ રમેશભાઈ પારસીયા (મહામંત્રી)

ઉમા કોવિડ સેન્ટર એટલે રાહતની છાવણી

આઈસોલેસન સેન્ટર કરવાનો હેતુ . દક્ષીણ ગુજરાત માં કકપા સમાજના પરિવારમાં ખાસ સંક્રમણ જ ન વધે તે હેતું છે. એક જ પરિવારમાં હવે એકથી વધુ જન સંખ્યા સંક્રમણ માં આવી જાય છે .

ઘર માં પેનિક આવે છે માટે તેવું ના બને તે માટે જે કોઈને પણ લક્ષણ દેખાય કે તરત આ સેન્ટરમાં આવી જાય..

આર્થિક મેડિકલ નું ભારણ ઘટશે.. નિષ્ણાત ડોક્ટર અને અનુભવી સાથીઓ અને સાત્વિક વાતાવરણ દ્વારા કોરોના ને મહાત કરીને વ્યક્તિ ને ઘરે પાછા મૂકી શકાય છે..

બન્યું એવું કે અનેકના અવસાન થયા તો અગમ્ય કારણ સર... દવાખાના ના ખર્ચ અતિશય થઈ જાય ને આર્થિક બોજ નીચે પણ પરિવાર દબાઈ જાય.

આવું ન બને તે માટે આ એક સુરક્ષિત શ્રીસમાજ ની સમગ્ર જન હિતાય રાહત છાવણી છે..

બસ ઘર મુકો મોટા સમાજ ના જ ઘર માં આવો..

નિઃશુલ્ક અને તમામ સુવિધા યુક્ત...

તમારા પરિવાર ને સુરક્ષિત રાખવા એ પોતાની પહેલી પયોરિટી છે. અમે 24×07 ડોક્ટરો ની ટીમ ઉપલબ્ધ રાખી છે.

ઉમા O2 કોવિડ કેર આઈસોલેસન સેન્ટર... ઉધના સુરત..

સહયોગી,

SUV international school

વહીવટી ટીમ, નારસિંહભાઈ ભાવાણી

શ્રી સમાજ અને વિદર્ભ ઝોન સમાજ નો સંવાદ-સેતુ

નાગપુર તા. ૨-૫-૨૦૨૧

તા.૩૦-૪-૨૦૨૧ ના દિવસે શ્રીસમાજ ના કર્ણધારો પ્રમુખ શ્રી અબજીભાઇ કાનાણી, ઉપપ્રમુખ શ્રી ગોપાલભાઇ ભાવાણી તથા મહામંત્રી શ્રી પુરષોત્તમભાઇ ભગત ત્રણે વડીલો ફોન ઉપર કૉંફ્રેંસે માં હતા. હાલની કોરોના મહામારી માં વિદર્ભ ઝોન માં વસતા આપણા જ્ઞાતિ જનો ના હાલ-હવાલ ણી જાણકારી મેળવેલ અને કર્ણધારો એ દરેક સમાજજનો ને સાવચેતી જાળવવી જોઇએ અને "પહેલું સુખ તે જાતે નર્યા" આપણા શરીરની સાવચેતી આપણે જ રાખવી પડે આવી ભલામણ કરેલ તેમજ કચ્છ માં નખત્રાણા કન્યા છાત્રાલય માં કોરોના ની સારવાર માટે સગવડ ઉભી કરેલ છે. શ્રી સમાજ ના પ્રયત્નો થી સમાજજનો ની મદદે આવેલા સનાતની મેડિકોઝ ના ડોકટરોના સંપર્ક-નંબર અને માહિતી દરેક સમાજના જ્ઞાતિજનો ને પહોચાડેલ તે જ્ઞાતિજનો ને બહુ ઉપયોગી નીવડી અને જરૂર પડતા તે ડોકટરો પાસે થી માર્ગદર્શન મેળવી લાભાંતિત થઇ રહ્યા છે. શ્રી સમાજ ની પ્રેરણા થી "સામાજિક સમપદી" મુજબ ઝોન અંતર્ગત સમાજની ત્રણે પાંખો ને ચુસ્ત પણે પાલન કરવા, તેને અનુસરવા શ્રી સમાજ સતત અપીલ કરી રહ્યા છે.

વિદર્ભ ઝોને ના પ્રમુખ શ્રી ધીરજભાઇ ભાવાણી તથા મહામંત્રી શ્રી ભીમજીભાઇ સેંગાણી એ શ્રી સમાજના કર્ણધારો ને વિદર્ભ ઝોનની પરિસ્થિતિ થી વાકેફ કરેલ અને વિસ્તૃત જાણકારી આ પરિપત્ર થી જણાવીએ છીએ તા. ૧-૫-૨૦૨૧ ના ઝોન સમાજની દરેક ઘટક સમાજ થી સંપર્ક માં રહી હાલ-હવાલ મેળવેલ તે મુજબ પાછલા પંદર-વિસ દિવસ બહુ ભારી પડ્યા, કોરોના નું વિકરાળ રૂપ ધારણ કરેલ જ્ઞાતિજનો ને સારવાર માટે હોસ્પિટલો માં બેડ જલ્દી મળે નહિ તેમજ દવાઇ ઇન્જેકશનો માટે મારા-મારી વગેરે વિકટ સમસ્યા ઉભી થઇ હતી. તેમાં લાકડગંજ સમાજ ના ઉત્સાહી યુવક મંડળ તથા અન્ય ઉત્સાહી સેવાભાવી ભાઇઓ આપણી જ્ઞાતિજનો માટે પોતાની જાન જોખમ માં મૂકી ખડેપગે જરૂરિયાત ને બેડ તથા ઈન્જેકશન તથા અન્ય માર્ગદર્શન આપી નિસ્વાર્થ સેવા કરેલ છે. તેમને ખુબ ખુબ ધન્યવાદ ખરેખર બિરદાવવાને પાત્ર છે

.તા.૧-૫-૨૦૨૧ ના દિવસે દરેક ઘટક સમાજોના હાલ-હવાલ જાણ્યા તે મુજબ લકડગંજ નાગપુર સમાજ, ઘાટરોડ સમાજ નાગપુર, ગ્રામીણ પાટીદાર સમાજ સાવનેર તથા ભંડારા પાટીદાર સમાજમાં કોરોના દર્દીઓ ની સંખ્યા વધારે હતી બાકી ઘટક સમાજોમાં મામૂલી છુટ પુટ બીમારી ઓછી હતી, સૌ માં ઉમિયા ના આશીર્વાદ થી સારવાર લઇ બહાર નીકળતા જાયે છે. હાલે કોરોના નો પ્રકોપ થોડો જાંખો પડ્યો છે. આજની પરિસ્થિતિ મુજબ વિદર્ભ માં ૩૦-૩૨ જણ હોસ્પિટલ માં તથા ૪૦-૫૦ જણ હોમ કોરન્ટાઇન ની સારવારમાં છે પણ વર્ષ દરમ્યાન કોરોના ને લઇ ને ૪૦ જેવાના સ્વર્ગવાસ પણ થયેલ છે.

આવી વિકટ પરિસ્થિતિ માં સમય થી પહેલા માં ઉમિયા પ્રાગટ્ય તથા નારણબાપા ની પુણ્યતિથિ નિમિતે સમય ની માંગ મુજબ ઝોન ની ઉમરેડ સમાજના ઉત્સાહી યુવક મંડળે ૩૦-૪-૨૦૨૧ ના દિવસે બ્લડ ડોનેશન કેમ્પ રાખેલ હતો તેમજ લકડગંજ નાગપુર સમાજે તા.૧-૫-૨૦૨૧ ના દિવસે પ્લાઝ્મા એન્ટી-બોડી ચેક-અપ કેમ્પ તથા તા. ૨-૫-૨૦૨૧ આજ રોજે લકડગંજ પાટીદાર ભવન ખાતે કેમ્પ રાખેલ તેમાં આપણી જ્ઞાતિના ૩૮ જણાએ પ્લાઝ્મા નું દાન કરેલ તથા બ્લડ -૧૦૯ યુનિટ આપી યોગદાન કરેલ છે. દર વર્ષે લકડગંજ સમાજ હેલ્થ-ચેક અપ તથા રક્તદાન શિબિર હમેશા કરતુ રહયું છે.



ઝોનના પ્રમુખ શ્રી ધીરજભાઇ ભાવાણી



ઝોનના મહામંત્રી શ્રી ભીમજીભાઇ સેંગાણી

વલસાડ ના યુવા નો વેકસીન પહેલા રક્તદાન કરવાનો પ્રારંભ કરેલ છે....

સમયની માંગ ... સમયે પરિપૂર્ણ. જાગો સૌ જાગો જરૂરિયાત મંદોની વહારે ... આપણા માદરે વતનમાં ... "સેવા પરમો ધર્મ"

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત

શ્રી પાટીદાર વિદ્યાર્થી હોસ્ટેલ ભુજ મધ્યે

કોરોનાગ્રસ્તો માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા

કોઈ'ને દુઃખીયો રે, દેખી ન ખમાય; દયા આણી રે...

પ્રેરકબળ : કેન્દ્રીય સમાજ ભુજ ઝોન પ્રમુખશ્રી તેમજ કેન્દ્રીય સમાજના સ્થાનિક હોદેદાર અને ટ્રસ્ટીશ્રી

વ્યવસ્થા સહયોગ : સ્થાનિક સમાજ, યુવામંડળ તેમજ મહિલામંડળના સ્વયંસેવક ભાઈઓ કાર્યની વ્યવસ્થામાં સહયોગી રહેશે...

મુખ્ય સહયોગી દાતા : શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ભુજ

સંયોજક : અંબાલાલ પોકાર, કચ્છ.

અખિલ ભારતીય કચ્છ કડવ પાટીદાર સમાજ સંચાલિત, પાટીદાર વિદ્યાર્થી હોસ્ટેલ ભુજ મધ્યે કોરોના ગ્રસ્તો માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા કોઈને દુઃખીયો રે , દેખી ન ખમાય ; દયા આણી રે ...

પિડીત મનુષ્યની યથાશક્તિ સેવા કરવી એ ભાવે અત્યારે દેશ - દુનિયાની સાથે સમગ્ર કચ્છમાં પણ કોરોના મહામારીએ તબાહી અને ત્રાહિમામ મચાવ્યો છે. આ સમયે આપણા જ્ઞાતિજનો પણ મોટી સંખ્યામાં ઝપટમાં આવ્યાં છે, કપરા સમયે જીલ્લા મથકોએ હોસ્પિટલો ઉભરાઈ રહી છે ત્યારે દર્દીની સાથે પરિવારજનો પણ મોટી હાલાકી ભોગવી રહ્યા છે.

આવા સમયે કચ્છ જિલ્લાના વડા મથક ભુજ મધ્યે પણ સાડા ચારસોથી વધારે સંખ્યામાં જ્ઞાતિના કુટુંબો વસવાટ કરી રહ્યાં છે, જેમાંથી ઘણા કુટુંબો આ મહામારીની લપેટમાં આવ્યા છે. હાલમાં મીની લોકડાઉનના સમયે દર્દીની સાથે પરિવારજન પણ વધુ હાલાકી ભોગવી રહ્યા છે, ત્યારે સ્થાનિક જરૂરતમંદો તેમજ ભુજ મધ્યે મહામારીની સારવાર અર્થે આવતા રોગાતુર દર્દી અને બરદાસી માટે કુલ્લી હાઈજેનિક શુદ્ધ સાત્વિક ભોજનની વ્યવસ્થા ભુજ સમાજના સહયોગથી નીચેના સ્થળે કરવામાં આવી છે,

જેથી જરિયાતમંદોએ સંપર્ક કરી તેની વિગતો સમયસર નોંધાવવી.

:: સ્થળ અને સંપર્ક ::

શ્રી પાટીદાર વિદ્યાર્થી હોસ્ટેલ કેમ્પ એરિયા, ભુજ - કચ્છ. ફોનઃ (૦૨૮૩૨) ૨૨૦૩૬૧ મો. ૯૪૨૮૨૯૪૬૨૬ (નરસિંહભાઈગોગારી)

:: ટિફિન નોધાવવા માટેનો સમય::

બપોર માટે સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી રાત્રિ માટે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી

નોંધઃ દર્દીને સવારે નાસ્તા માટે આગલા દિવસે સાંજે નોધ કરાવવાથી વ્યવસ્થા થઈ શકશે. આ ઉપરાંત દર્દીને લીંબુ શરબત, હળદરવાળુ દુધ તેમજ ફ્રુટની જરૂરીયાત મુજબ વ્યવસ્થા .

તા.કઃ કેન્દ્રીય સમાજ સંચાલિત ભુજ સમાજવાડીમાં દર્દીના પરિવારજન માટે ઉતારા તેમજ ફ્રેશ થવાની સુવિધા અગાઉથી ઉપલબ્ધ છે.

(હોસ્ટેલ સંચાલન અને વ્યવસ્થાપક સમિતિ)

રમેશભાઈ પોકાર કન્વીનરશ્રી મો . ૯૪૨૭૫૬૮૬૨૩

લક્ષ્મણભાઈ માવાણી મો.૯૮૨૫૨૫૭૭૧૩

પ્રવીણભાઈ ચૌહાણ સભ્યશ્રી મો. ૯૮૨૫૧૦૫૬૪૫

કિરીટભાઈ ચૌહાણ , સભ્યશ્રી મો . ૭૫૬૭૫૬૯૫૦૨

ડો.બિહારીભાઈ રામજિયાણી સભ્યશ્રી મો . ૯૪૨૬૫૫૩૭૦૫

સુરેશભાઈ પોકાર માનદ સલાહકાર મો . ૯૮૨૫૮ ૫૭૭૭૮

શ્રી દામજીભાઈ માકાણી માનદ સલાહકાર મો . ૯૪૨૬૮૬૧૮૭૨

પ્રેરકબળઃ કેન્દ્રીય સમાજ ભુજ ઝોન પ્રમુખશ્રી તેમજ કેન્દ્રીય સમાજના સ્થાનિક હોદેદાર અને ટ્રસ્ટીશ્રી વ્યવસ્થા સહયોગઃ સ્થાનિક સમાજ, યુવામંડળ તેમજ મહિલામંડળના સ્વયંસેવક ભાઈઓ કાર્યની વ્યવસ્થામાં સહયોગી રહેશે ...

મુખ્ય સહયોગી દાતા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

આપણે સહુ વેકસીન લઈએ,

બીજાને પ્રેરિત કરીએ,

જાતે સુરક્ષિત રહીએ અને અન્યને પણ સુરક્ષિત રાખીએ.

અનોખું કાર્ય અનોખું ઈનવોમેન્ટ એજ કાર્ય ની પરિણામ યુક્ત સેવા....

ઓરેન્જ સિટી નાગપુર નું મિશન રક્તદાન અને પ્લાઝમા દાન

સંયોજક : અર્ચના રંગાણી, ઘાટ રોડ, નાગપુર.

નાગપુર ઓરેન્જ સિટી સમાજ ના પ્રમુખશ્રી નારસિંહભાઈ સુરાણી, ખેમચંદભાઈ છાભૈયા, રસિક ચોપડા, વિનોદ લીંબાણી, અને સક્રિય અગ્રણીઓ.. પ્લાઝમા ડોનેશન એક બે ત્રણ નહીં પણ ૩૮ દાતા એક સાથે પ્લાઝમા ડોનેટ કરે તેતો ખૂબ સરાહનીય બાબત છે...

હાલમાં ચાલી રહેલ કોરોનાની બીજી લહેરની મહામારીના કારણે રક્તની અને પ્લાઝમાની માગણી વધી રહી છે. તેને ધ્યાનમાં રાખી પ્રતિવર્ષ ઉજવાતા કુળદેવી માઁ ઉમિયાજી અને સમાજ આદ્યસુધારક પ.પૂ.નારાયણજી રામજી લીંબાણી ની જન્મ જયંતિ તથા પ.પૂ.કેશરા પરમેશ્વરા ની જન્મ જયંતિ નિમિતે આગોતરી ઉજવતા

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ લકડગંજ - નાગપુર

દ્વારા રક્તદાન અને પ્લાઝમા દાન શિબિરનું આયોજન તાઃ ૦૨-૦૫-૨૦૨૧ના પાટીદાર ભવન લકડગંજ નાગપુર મા આયોજિત કરવામાં આવ્યું હતું.

આ શિબિરમા સમાજના ભાઈઓ તથા બહેનો દ્વારા ૧૦૮ યુનિટ રક્તદાન અને ૩૮ જેટલા પ્લાઝમા ડોનર દ્વારા પ્લાઝમા દાન કરી માનવ સેવાકાર્યમાં યોગદાન આપેલ છે.

રક્તદાન મહાદાન રક્તદાન સર્વ શ્રેષ્ઠદાન

પ્લાઝમા ડોનર, ઓરેન્જ સિટી...

પ્લાઝમા ડોનર, ઓરેન્જ સિટી...

પ્લાઝમા ડોનર, ઓરેન્જ સિટી...

પ્લાઝમા ડોનર, ઓરેન્જ સિટી...

સુરત વરાછા રોડ ઉમિયાધામ મંદિર ખાતે ભાજપ ના સહયોગ થી કોવિડ કેર આઈસોલેશન સેન્ટર શરૂ કરવામા આવેલ

Mission Health & Disaster Team DGR દક્ષિણ ગુજરાત

ભારત સરકારના કોરોના મહામારીને નાથવા માટે અભિયાન સ્વરુપે ૧૮ વર્ષ ઉપરના તમામ માટે વેક્સિન્શન શરુ થઇ ગયેલ છે. ત્યારે રક્ત ની અછત ઉભી ના જ થાય તે માટે વેક્સિનેશન પહેલા રક્તદાન નું આયોજન ફ્ર્ઇ હેલ્થ એન્ડ ડિઝાસ્ટર ટિમ દ્વારા કરવામાં આવ્યું.

જેના અનુસંધાને બારડોલી યુવામંડળ દ્વારા તાઃ ૨/૫/૨૦૨૧ના રોજ રક્તદાન સીબીરનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૫ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું.

એવી જ રીતેજ વલસાડ ના યુવાનો દ્વારા પણ ૦૮ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. જેની તસ્વીર પણ આપેલ છે..

#Mission Health & Disaster

#Team DGR

વેક્સીન પહેલા રક્તદાન

કોરોના રૂપી રાક્ષસ ને હરાવવા માટે આપણને સૌને વેક્સિન જરૂર છે

Vaccine લીધા પછી કોઈપણ વ્યક્તિ એક મહિના સુધી બ્લડ ડોનેટ નહીં કરી શકે અને અને ૧૮ થી ૪૫ ની ઉમર ના લોકો વધુ સંખ્યા માં બ્લડ ડોનેટ કરતા હોય છે એ અનુસંધાને પાટીદાર ભવન ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તા.૩/૫/૨૦૨૧ ના ૮:૩૦ થી ૧૨:૦૦વાગ્યા સુધી કરેલ છે.

સર્વ કડોદરા સમાજ ના સર્વે જ્ઞાતિ જાણો ને નમ્ર અપીલ કરીયે છીએ કે આપણા પરિવાર ના સર્વે સભ્યો આ વેકસીનેસન અને બ્લડ ડોનેશન કેમ્પ માં જોડાઈએ અને જોડીએ સમાજના સર્વે સભ્યો ને અને અન્ય લોકો ને પણ આ મહામારી થી ઉગારવામાં સહભાગી થઈએ...

કડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં સરકાર દ્વાર વેકસીન જથ્થા આવ્યે થી કોરોના વેકસીન કેમ્પ નું આયોજન પણ કરવામાં આવશે સરકાર ની ગાઈડ લાઈન મુજબ માસ્ક અને સોસીયલ ડિસ્ટન્સ ફરજીયાત છે ...

કેકેપી યૂથ કલબ કડોદરા...

"કોવિડ કેર સેન્ટર"

(ક્વોરંટાઇન સમય માટે આઇસોલેશન સેન્ટર)

ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસ, તલોદ

નમસ્કાર...

હાલમાં કોરોના મહામારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કરેલ છે, ત્યારે માનવ જીવન બચાવવું ખુબ જરૂરી છે. તે માટે પ્રથમ તો જે વ્યક્તિને કોરોનાના સામાન્ય લક્ષણ જણાય તેને પરિવારના અન્ય સભ્યોથી અંતર બનાવી જુદા રાખવામાં (સેલ્ફ આઈસોલેશન) આવે તો પરિવારના અન્ય સભ્યોને સંક્રમિત થતા બચાવી શકાય છે. ઘણીવાર આ માટે પોતાના ઘરમાં આવી વ્યવસ્થા ના હોઈ પૂરો પરિવાર સંક્રમિત થતો હોય છે. જેથી તલોદ શહેર અને તેની આસપાસના વિસ્તારમાં વસવાટ કરતાં સૌ પ્રજાજનો માટે તલોદની સૌ સેવાભાવી સંસ્થાઓ અને દરેક સમાજ, યુવા પાંખ તેમજ દાતાઓ તથા રાજકીય અને તબીબી મિત્રોના સહકારથી સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ તલોદની ટ્રિનિટી સ્કૂલ કેમ્પસમાં "કોવિડ કેર સેન્ટર" (ક્વોરંટાઈન સમય માટે આઈસોલેશન સેન્ટર) શરૂ કરવામાં આવેલ છે. તેનો મહત્તમ લાભ લઈ તલોદ તાલુકાના સમગ્ર વિસ્તારને કોરોના મુક્ત બનાવવાના અભિયાનમાં સહભાગી થઈએ.

કેન્દ્રીય યુવાસંઘના પ્રમુખશ્રી ડો. વસંત ધોળુ ના આયોજન અને રાહબર હેઠળ નિલેશ સુરાણી- CPDO PRO સાથે રહીને તલોદ ક. ક. પા સમાજ, યુવા મંડળ અને અન્ય તમામ સમાજો, સેવાભાવી સંસ્થાઓ, રાજકીય અને તબીબી મિત્રો ના સહકાર થી પ્રમુખશ્રીની સંસ્થા ટ્રીનિટી સ્કૂલ કેમ્પસ - તલોદ ખાતે કોવિડ કેર સેન્ટર (કવોરંટાઈન સમય માટે આઈસોલેસન સેન્ટર) નો આવતીકાલથી તા:- ૦૩/૦૫/૨૦૨૧ સોમવાર થી પ્રારંભ કરી રહ્યા છીએ.

ABKKPS મહિલા સંઘ આયોજિત જનજાગૃતિ કાર્યક્રમ સફળતાપૂર્વક 2 May.

વેબીનારમાં ભારત ભરથી, ૨૫૦થી વધારે બહેનો તેમજ ભાઈઓ જોડાયા હતા. સર્વપ્રથમ મહિલા સંઘના મહામંત્રી રમીલાબેન રવાણી દ્વારા એમની જોશ ભરી આગવી છટા થી સૌનું સ્વાગત અને કાર્યક્રમની પ્રસ્તાવના અને વક્તાઓ નો પરિચય આપવા માં આવ્યો. ત્યારબાદ કાર્યક્રમના સંચાલન ની દોર યુવાસંઘ ફોરેસ્ટ કાઉન્સિલ મંત્રી રંજન ભાવાણી દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

સર્વ પ્રથમ વક્તા Dr. ચંદા ભાવાણી દ્વારા આરોગ્યક્ષેત્રે ખૂબ જ સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો. રોજિંદા જીવનમાં અનુલોમ-વિલોમ સર્વેને કરવા માટે ભાર મૂક્યો હતો. કસરત કરવાનું પરિણામ નિયમિતતા થી કરશો તો જ મળશે અને આહાર દ્વારા ખાસ પાણીનું જીવનમાં અમુલ્ય સ્થાન છે .પાણી દવાની જેમ ઉપયોગમાં લેવું જોઈએ તેવી વાત કરી હતી. ડોક્ટર અમીતાબેન ભગત જેઓ રાજકોટ થી હતા,તેઓ એ પણ ખુબ સુંદર આહાર વિશે અને સમયસર ઊઠવું ને જાગવું, અને મનને તંદુરસ્ત રાખવાની વાત કરી હતી. સૌ બહેનોને ખૂબ સુંદર સ્વાસ્થ્ય વિશે જાણકારી આપતા કહ્યું હતું કે આપના શરીર ને dustbin ક્યારેય ન બનાવતા, શુદ્ધ સાત્વિક આહાર ખાવા પર બંને ડોક્ટર બહેનોએ ખાસ જોર આપ્યો હતો. ત્યારબાદ એડવોકેટ ગીતા નાકરાણી સતારા દ્વારા બહેનોએ વ્યવસાય ક્ષેત્રે અથવા તો પોતાના પતિના વ્યવસાયમાં કઈ અને કેવી જાણકારીઓ રાખવી જોઈએ તે વિષય પર પ્રકાશ પાડ્યો હતો બેક્િંગ ટ્રાન્જેક્શન, life insurance બહેનોએ આ વિષય પર માહિતી રાખવી જોઈએ તેવું કહ્યું હતું. સાતબાર નાઉતારા, ખેતી, જમીન પ્રોપર્ટી, નોમિની રજીસ્ટ્રેશન, જેવી અનેક કાયદાકીય જાણકારીઓ સૌ બહેનો ને આપી હતી. સાથે સાથે યુવા સંઘ દ્વારા યુવા સુરક્ષાકવચ જેવી સુંદર સહયોગ નિધિ ની વાત પણ બહેનોને કરી હતી, સૌને YSK બનવા પ્રેરિત કર્યા હતા. ત્યારબાદ યુવાસંઘ કેન્દ્રીય પ્રવક્તા અંજુબેન ધોળુ તેમના જીવનની સંઘર્ષ ભરી કહાની દ્વારા બહેનોને તેમનામાં રહેલી કાર્ય કુશળતાને જીવન વ્યવહારમાં ઉપયોગી બનાવવા કહ્યું . તમારી અંદર જે પણ કળા હોય એને તમે તમારો વ્યવસાય બનાવી શકો છો. મુંબઈની જિંદગીના અનેક ઉદાહરણો આપી બહેનોને પ્રેરિત કર્યા હતા.

હાલના સમયમાં પરિવારને સુરક્ષિત રાખવા માટે રેખાબેન મદુરાઈથી ખુબ જ સુંદર રીતે સૌ ને માર્ગદર્શન આપ્યું હતું. પૈસાનું રોકાણ કઈ રીતે ફિક્સ ડિપોઝીટ દ્વારા સરસ રીતે કરી ને જીવન ઉપયોગી બની શકે તેવી જાણકારી આપી હતી. રેખાબેન અને તેમના પતિ યોગેશભાઈ વ્યવસાય ક્ષેત્રે બંને સાથે કાર્યશીલ છે એવું જણાવ્યું હતું. યોગેશ ભાઈ સંખલા નું કહેવું હતું કે પુરુષ જાતિ એ પોતાનો પૂર્વઆગ્રહ છોડી દેવો જોઈએ અને સ્ત્રીને પણ વ્યવસાય ક્ષેત્રે એટલું જ માન આપવું જોઈએ.

ત્યારબાદ યુવાશક્તિ કરુણા નાકરાણી દ્વારા સ્વની ઓળખ સાથે હંમેશા આગળ વધો, જીવનમાં કંઈક કરો અલગ અલગ વિષયોના કોર્સ કરી પોતે પણ શીખો અને બીજાને પણ શીખવાડો એવી અનેક વાતો કરી યુવાશક્તિને પ્રેરણા આપી હતી. ત્યારબાદ ગીતાબેન સાંખલા કોરબા થી, કવિતાબેન નવસારી થી, પ્રેમીલાબેન વાસાણી કલ્યાણ મુંબઈ થી, આ બધીજ બહેનો એ સ્વાસ્થ્ય વિશે ખૂબ સુંદર જાણકારી આપી હતી. અંતમાં અખિલ ભારતીય શ્રી સમાજ પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણી દ્વારા આશિષ વચન આપતા ખાસ સેલ્ફ ડિફેન્સ બનવા કહ્યું હતું. મહિલા સંઘ ની બહેનો ને આ કાર્યક્રમ વિશે ખાસ અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ યુવા સંઘ ઉપપ્રમુખશ્રી મોહનભાઈ ધોળુ દ્વારા નારી તું નારાયણી કહી દરેક સ્ત્રીઓને માન આપ્યું હતું.આખું વિશ્વ લોક ડાઉન હોય પણ મહિલા જગત ને ક્યારેય રજા કે લોક ડાઉન નથી હોતું,એવું કહી સૌ બહેનો નો ઉત્સાહ જુશો વધાર્યો હતો. ત્યારબાદ મહિલાસંઘ ના પૂર્વ પ્રમુખ એવા રતનબેન ભગત ભુજ દ્વારા આશીર્વાદ આપવામાં આવ્યા હતા, તેમજ વર્તમાન પ્રમુખ શ્રી જશોદાબેન નાકરાણી ગોવાથી સૌ બહેનોને આશીર્વાદ આપી અભિનંદન આપ્યા, આભાર માન્યો અને કાર્યક્રમ ને આપ સૌ દ્વારા સુંદર બનાવ્યું છે તેવું કહ્યું હતું. અંતમાં મહામંત્રી શ્રી રમીલાબેન રવાણી દ્વારા ખૂબ જ સુંદર રીતે કાર્યક્રમને સફળ બનાવનાર સૌનો આભાર માન્યો હતો અને કાર્યકર્તા બહેનોને પણ એમની આગવી છટામાં બિરદાવ્યા હતા. સાથે સાથે સૌ બહેનોને આ કાર્યક્રમ કરતા રહેશું એવી બહેધરી પણ આપી હતી.

યુવાસંઘ કેન્દ્રીય પ્રવક્તા

અંજુ ધોળુ

ચિંતનકણિકા : મૂલ્યોનું મૂલ્ય....(૫)

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું છે કે, "કોઈ પણ રાષ્ટ્રનું મહત્ત્વ તેની વસ્તી, વેપાર કે ધનસંપત્તિથી નહીં, પણ રાષ્ટ્રના લોકજીવનમાં વણાઈ ગયેલાં મૂલ્યોના આધારે જ અંકાય છે.

ભારતીય સંસ્કૃતિ શાશ્વત મૂલ્યોની જનની છે.

એક ચિંતકે કહ્યું છે –

Values are not taught, they are caught.

સ્વામી વિવેકાનંદમાં જે સત્ત્વ હતું તે તો પહેલેથી જ વિદ્યમાન હતું. ગુરુ રામકૃષ્ણ પરમહંસ તે સત્ત્વને પ્રગટાવવામાં નિમિત્ત માત્ર બન્યા. પ્રત્યેક મનુષ્યમાં કંઈક ને કંઈક સારી વાત સમાયેલી હોય છે. જરૂર હોય છે એને પ્રદીપ્ત કરીને પ્રગટાવનાર ઉદ્દીપકની.

વૉરન બફેટ કહે છે –

કિંમત એ છે જે તમે ચૂકવો છો, મૂલ્ય એ છે જે તમે મેળવો છો.

હું માનું છું, મૂલ્ય અમૂલ્ય છે... એની કિંમત ન માપી શકાય.

મૂલ્યો જીવનનો શૃંગાર છે.

મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાથી જ જીવનનો સાચો આનંદ મેળવી શકાશે.

(ક્રમશઃ)

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

SUV International School.

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ સનાતન ધર્મ પત્રિકા

તા. ૨૭/૪/૨૦૨૧ મંગળવાર

સ્વ. ચંદ્રિકાબેન ઘનશ્યામભાઈ લીંબાણી,
ઉંમર : ૫૪ વર્ષ,
કચ્છ માં ગામ : માનકુવા
હાલમાં : વિષ્ણુપુરાલાટ (ડૈમાઈ)
અવસાન કારણ : કોરોના સંક્રમણ

તારીખ : ૨૮/૪/૨૦૨૧ બુધવાર

સ્વ. ચંદુભાઈ સોમજીભાઈ લીંબાણી,
ઉંમર : ૪૯ વર્ષ,
કંપા માં ગામ દહેગામ (વૃંદાવન ફાર્મ)
હાલે : નાશિક (મહારાષ્ટ્ર)

તા. ૨૯/૪/૨૦૨૧ ગુરૂવાર

સ્વ. મણીબેન કરશનભાઈ નાકરાણી,
ઉંમર : ૯૬ વર્ષ,
કચ્છ માં ગામ : નેત્રા (માતાજીના)
હાલમાં : ગાંધીધામ.
અવસાન કારણ : અવસ્થા

તા. ૩૦/૪/૨૦૨૧ શુક્રવાર

સ્વ. આશાબેન મનીષભાઈ નાકરાણી,
ઉંમર : ૪૨ વર્ષ,
કચ્છમાં ગામ : નેત્રા.
હાલમાં : ગાંધીધામ.
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. રતિભાઈ ખેતાભાઈ રામાણી,
ઉંમર : ૭૬ વર્ષ,
કચ્છમાં ગામ : પલીવાડ
કંપા માં : રામેશ્વર કંપા, જી.અરવલ્લી
હાલે : સાયન્સ સિટી, અમદાવાદ.

સ્વ. કાન્તાબેન લીંબાણી,
ઉંમર : ૭૩ વર્ષ,
કચ્છમાં ગામ : ઘડુલી
હાલે : સરખેજ, અમદાવાદ.

સ્વ. અશોકભાઈ વાલજીભાઈ વાગડીયા,
ઉંમર : ૪૦ વર્ષ,
કચ્છમાં ગામ : પાનેલી
હાલે : સમા, વડોદરા
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. કેશવલાલ લાલજીભાઈ ભાદાણી,
ઉંમર : ૬૯ વર્ષ,
કચ્છમાં ગામ : ઘડુલી
હાલે : હરદા (મધ્યપ્રદેશ)

તા. ૧/૫/૨૦૨૧ શનિવાર

સ્વ. બાબુભાઈ ખીમજીભાઈ ભાવાણી(નાકરાણી)
ઉંમર : ૭૧ વર્ષ,
કચ્છ માં ગામ : નેત્રા- રવાપર
અવસાન નું કારણ : કોરોના સંક્રમણ

સ્વ. લક્ષ્મીબેન ડાહ્યાભાઈ સાંખલા,
ઉંમર : ૯૨ વર્ષ,
કચ્છમાં વિગોડી તા.નખત્રાણા (સ્થાનિક)
અવશાનનુ કારણ : ઉંમરના લીધે

સ્વ.ભાવનાબેન માધવલાલ કાલરીયા,
ઉંમર : ૫૧ વર્ષ,
કચ્છમાં ગામ : વિગોડી તા.નખત્રાણા
હાલમાં પાલનપુર ગુજરાત
અવશાનનુ કારણ : કોરોના સંક્રમણ

સ્વ. ગોમતીબેન વસ્તારામભાઈ ભગત,
ઉંમર : ૮૦ વર્ષ,
કચ્છમાં ગામ : વિથોણ
હાલમાં : કોરબા (છત્તીસગઢ)
અવસાન કારણ - કુદરતી મૃત્યુ

સ્વ. મોંઘીબેન નારણ રામજીયાણી,
ઉંમર : ૮૧ વર્ષ,
કચ્છમાં વતન : જીયાપર (સ્થાનિક)
અવસાન કારણ : કુદરતી, અવસ્થા

સ્વ. દયારામભાઈ રામજીભાઈ લીબાણી,
ઉંમર : ૭૦ વર્ષ,
કચ્છમાં ગામ : ધારેશી
હાલે : અમદાવાદ
અવસાન કારણ : કોરોના કારણ

સ્વ. શાન્તિલાલ વાલજીભાઈ જાદવાણી,
ઉંમર : ૭૭ વર્ષ,
કચ્છમાં ગામ : માતાના મઢ
હાલે : ચેન્નઈ તામ્બરમ
અવસાન કારણ : બીમારી ના કારણે

સ્વ. કાનજીભાઈ રામજીભાઈ છાભૈયા,
ઉંમર : ૮૪ વર્ષ,
કચ્છમાં ગામ : દેવિસર
હાલે : નરોડા, અમદાવાદ.
અવસાન કારણ : લાંબી માંદગી, કુદરતી

તા. ૨/૦૫/૨૦૨૧ રવિવાર

સ્વ. કેશવલાલ મણીલાલ વાડીયા,
ઉંમર : ૫૬ વર્ષ,
કચ્છ માં ગામ : કોટડા(જ).
હાલમાં : વિશાખાપટ્ટનમ.
અવસાન કારણ : કોરોનાના સંક્રમણ

સ્વ. કરશનભાઈ પરબતભાઈ રવાણી,
ઉંમર : ૬૪ વર્ષ,
કચ્છ મા ગામ : ખોભડી
હાલે : ઓઢવ, અમદાવાદ
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. દાનાભાઈ નારણભાઈ નાકરાણી,
ઉંમર : ૮૬ વર્ષ,
કચ્છમાં ગામ : નેત્રા (માતાજીના)
હાલે : વ્યારા, (ગુજરાત)
અવસાન નું કારણ :

સ્વ. નરસિંહ છગનલાલ ગોરાણી,
ઉંમર : ૩૮ વર્ષ,
કચ્છમાં ગામ : દેવપર (યક્ષ)
હાલે : બોઈચી-હુગલી (પશ્ચિમ બંગાળ)
અવસાન નું કારણ : કેન્સર ની લાંબી બિમારી

સ્વ. ગોમતીબેન શિવદાસભાઈ હળપાણી,
ઉંમર : ૭૧ વર્ષ,
કચ્છમાં ગામ : વિગોડી
હાલમાં : વિશાખાપટ્ટનમ
અવશાનનુ કારણ : કોરોના સંક્રમણ

સ્વ. હંસરાજભાઈ માધવજીભાઈ રતનાણી,
ઉંમર : ૮૩ વર્ષ,
કચ્છમાં ગામ : વિથોણ
હાલે : મકરપુરા, વડોદરા
અવસાન નુ કારણ : કુદરતી, અવસ્થા

સ્વ. ગંગારામભાઈ કરશનભાઈ વાલાણી,
ઉંમર : ૭૪ વર્ષ,
કચ્છમાં ગામ : વિથોણ
હાલે : વડોદરા
અવસાન નું કારણ : કોરોના ગ્રસ્ત

સ્વ. નાનુંબેન વિરજીભાઈ રવાણી,
ઉંમર : ૮૭ વર્ષ,
કચ્છમાં ગામ : ખોંભડી
હાલે : કઠલાલ

સ્વ. કલ્પેશભાઈ વિશનજીભાઈ માવાણી,
ઉંમર : ૩૪ વર્ષ,
કચ્છ માં ગામ : દેશલપર વાંઢાય (સ્થાનિક)
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વઃ લક્ષ્મીબેન ગોપાલભાઈ હળપાણી,
ઉંમર : ૭૨ વર્ષ,
કચ્છ માં ગામ : મથલ
હાલે : શીરૂર, ગોડનદી (મહારાષ્ટ્ર)

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ